# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-12 : ભૂગોળ (148) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 40 | 30 | 20 | 10 | 100 |
| ટકા | 40 | 30 | 20 | 10 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંકજવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 08 | 12 | 16 |
| 4. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 08 | 12 | 24 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 06 | 08 | 30 |
| | કુલ | **52** | **62** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | માનવ ભૂગોળ પરિચય | 05 | 05 |
| 2. | માનવ વસ્તી | 8 + 1 નકશો | 09 |
| 3. | માનવીની પ્રાથમિક અને દ્વિતીયક પ્રવૃત્તિઓ | 07 | 07 |
| 4. | માનવીની તૃતીયક, ચતુર્થક અને પંચમ પ્રવૃત્તિઓ | 07 | 07 |
| 5. | પરિવહન | 10 + 1 નકશો | 18 |
| 6. | દૂરસંચાર | 07 | 09 |
| 7. | વ્યાપાર | 7 + 1 નકશો | 11 |
| 8. | માનવ વસાહતો | 9 + 1 નકશો | 15 |
| 9. | કુદરતી સંસાધનો | 7 + 1 નકશો | 08 |
| 10. | વૈશ્વિક સમસ્યાઓ : ભૌગોલિક પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં | 08 | 11 |
| 11. | માહિતી સ્ત્રોત અને તેનું સંકલન | 08 | 13 |
| 12. | આંકડાકીય માહિતીનું આલેખન | 07 | 12 |
| 13. | માહિતી વિશ્લેષણ અને નકશા નિર્માણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ | 05 | 05 |
| | કુલ | **100** | **130** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : ભૂગોળ (148) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** | **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ - A**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 15 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલ 4 (ચાર) વિકલ્પ (A,B,C,D,) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 16 થી 30 | **વિભાગ - B**<br>નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 31 થી 42 | **વિભાગ - C**<br>નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 31 થી 42 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 (આઠ) પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) | 16 |
| 43 થી 54 | **વિભાગ - D**<br>નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 43 થી 54 સુધીના 12 પ્રશ્નોમાંથી કોઈપણ 08 (આઠ) પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકના 3 ગુણ) | 24 |
| 55 થી 62 | **વિભાગ - E**<br>નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 55 થી 61 સુધીના 07 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના ઉત્તર લખો. તેમજ 62મો પ્રશ્ન નકશાપૂર્તિનો છે. જે ફરજિયાત છે. (દરેકના 5 ગુણ) | 30 |
| | **કુલ** | **100** |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : ભૂગોળ (148) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે અને કુલ 62 પ્રશ્નો છે.
- જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ આપો.
- વિભાગની સામે કૌંસમાં લખેલ અંક ગુણ દર્શાવે છે.
- નવો વિભાગ નવા પાના પરથી જ લખવો.

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 15 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (દરેકના 1 ગુણ)** **[15]**

(1) નિયતિવાદના પ્રખર સમર્થક કોણ હતા?
(A) કાન્ટ (B) કુ. એલન સેમ્પલ (C) રિટર (D) હમ્બોલ્ટ

(2) વસ્તીની દૃષ્ટિએ ભારતમાં સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય કયું છે?
(A) ઉત્તરપ્રદેશ (B) ગુજરાત (C) સિક્કિમ (D) મહારાષ્ટ્ર

(3) કૅનેડાના ઉત્તર ભાગમાં વસતા લોકો કયા નામે ઓળખાય છે?
(A) પિગ્મી (B) બુશમેન (C) ઍસ્કિમો (D) બ્લેક-ફેલોઝ

(4) સંદેશાવ્યવહારને ખૂબ સરળ બનાવનાર ......
(A) ઈન્ટરનેટ (B) કમ્પ્યૂટર (C) દૂરદર્શન (D) રેડિયો

(5) પરિવહનનું કયું વાહન પ્રદૂષણ ફેલાવતું નથી?
(A) રેલવે (B) બસ (C) સાઈકલ (D) વિમાન

(6) એટલેન્ટિક અને પેસિફિક મહાસાગરને જોડતી નહેર કઈ છે?
(A) પનામા (B) સુએઝ (C) લિવરપૂલ નહેર (D) પેસિફિક નહેર

(7) ભારતમાં રેડિયોનું પ્રથમ પ્રસારણ ક્યારે થયું હતું?
(A) 1936 (B) 1975 (C) 1923 (D) 1957

(8) ચીન અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના મધ્યમાંથી પસાર થતો જૂનો માર્ગ ....
(A) ગ્રાંટ રોડ (B) સમજૌતા માર્ગ (C) રેશમ માર્ગ (D) મહા માર્ગ

(9) નીચેનામાંથી સંરક્ષણ કેન્દ્ર કયું છે?
(A) મુંબઈ (B) વડોદરા (C) ખંભાત (D) મેરઠ

(10) અમૂલ ડેરી કયા શહેરમાં છે?
(A) મહેસાણા (B) પાલનપુર (C) આણંદ (D) હિંમતનગર

(11) ગરીબી દેશની વિકાસયાત્રાને...
(A) ઝડપી બનાવે છે. (B) મંદ બનાવે છે. (C) બમણી બનાવે છે. (D) કોઈ અસર કરતી નથી.

(12) તેજાબી વરસાદ માટે જવાબદાર...
(A) સલ્ફર ડાયોકસાઈડની ઊંચી માત્રા (B) ઑક્સિજનની ઊંચી માત્રા
(C) નાઈટ્રેટ ખાતરોની ઊંચી માત્રા (D) ઓઝોનની ઊંચી માત્રા

(13) નીચેનામાંથી બહુલક માટેની સંજ્ઞા કઈ છે?
(A) $\overline{X}$ (B) M (C) Z (D) R

(14) એકજ પરિમાણ ધરાવતો આલેખ કયો છે?
(A) રેખા આલેખ (B) સાદો સ્તંભ આલેખ (C) પાઈ ડાયાગ્રામ (D) વર્તુળ આલેખ

(15) GPS પ્રણાલી વિકસાવનાર દેશ કયો છે?
(A) યુ.એસ.એસ.આર. (B) યુ.એસ.એ. (C) આફ્રિકા (D) જર્મની

## વિભાગ - B

- **નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ઉત્તર એક શબ્દ કે વાક્યમાં આપો. (દરેકનો 1 ગુણ)** **[15]**

(16) કયા સમયગાળાને સંશોધન યુગ કહેવાય છે?
(17) ભારતમાં સૌથી વધુ સાક્ષરતા ધરાવતું રાજ્ય કયું છે?
(18) માનવ વિકાસ અહેવાલના પરામર્શક ભારતીય મૂળના અર્થશાસ્ત્રીનું નામ જણાવો?
(19) તૃતિયક પ્રવૃત્તિ એટલે શું?
(20) મનોરંજન સેવાઓના ઉદાહરણ આપો.
(21) ભારતનો આંતરિક જળમાર્ગ નંબર-1 કઈ નદી પર આવેલો છે?
(22) ભારતનો ફિલ્મ ઉદ્યોગ કયા નામથી ઓળખાય છે?
(23) ભારતમાં હુગલી નદી પર આવેલું મહત્ત્વનું નદી બંદર કયું છે?
(24) ગ્રિફિથ ટેઈલેરે વસાહતની કઈ વ્યાખ્યા આપી છે?
(25) નર્મદા નદી પર કઈ યોજના તૈયાર થઈ છે?
(26) વાયુ પ્રદૂષણથી કયા પ્રકારના રોગો થવાની સંભાવના છે?
(27) સર્વે ઑફ ઈન્ડિયા નામની સંસ્થા કયાં આવેલી છે?
(28) નાટમોનું પૂરું નામ લખો.
(29) કયા પ્રકારનો આલેખ દિશા અંગેની માહિતી આપે છે?
(30) પૃથ્વી ઉપર સ્થાન જાણવા માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે?

## વિભાગ - C

- **નીચે આપેલા 31 થી 42 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** **[16]**

(31) ચતુર્થક પ્રવૃત્તિમાં કઈ કઈ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે?
(32) પરિવહનનાં મુખ્ય માધ્યમો જણાવો.
(33) સ્વર્ણિમ ચતુર્ભૂજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ યોજના શું છે?
(34) વ્યક્તિગત સંચાર તંત્રનાં સાધનો જણાવો.
(35) ઈ-મેઈલ એટલે શું?
(36) ડોટર-શીપ દ્વારા કઈ કામગીરી થાય છે?
(37) શહેરી વસાહતોના માપદંડ જણાવો.
(38) ધ્વનિ પ્રદૂષણની અસરો જણાવો.

(39) નીચે આપેલી માહિતીને આધારે તેનો બહુલક શોધો.
38, 75, 77, 75, 40, 71, 75

(40) આંકડાકીય માહિતીના પ્રકાર લખો.

(41) મિશ્ર સ્તંભ આલેખ એટલે શું ?

(42) જો આપેલો આંકડો 30 ટકા હોય અને તેને પાઈ-ડાયાગ્રામમાં દર્શાવવાનો હોય તો તે માટે કેટલા અંશનો ખૂણો બનાવવો પડશે ?

## વિભાગ - D

- **નીચે આપેલા 43 થી 54 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર આપો. (દરેકના 3 ગુણ)** **[24]**

(43) સંભવવાદ વિચારધારા સમજાવો.

(44) માનવીની તૃતિયક પ્રવૃત્તિમાં સેવાઓના મુખ્ય વિભાગો સમજાવો.

(45) સમાચારપત્રો અને સામયિકો વિશે ટૂંકનોંધ લખો.

(46) ભારતના વિદેશ વ્યાપારની બદલાતી તરાહ સમજાવો.

(47) બંદરોના પ્રકારો જણાવો તથા નદી બંદરો વિશે નોંધ લખો.

(48) ગરીબીનો અર્થ સમજાવી તે દૂર કરવાના ઉપાયો જણાવો.

(49) જળ પ્રદૂષણ થવાનાં કારણો અને અસરો વિશે નોંધ લખો.

(50) નીચે સાત વિદ્યાર્થીઓની ઊંચાઈના આંકડા સેન્ટીમીટરમાં આપ્યા છે. તેને આધારે આ માહિતીનો મધ્યક શોધો.
ઊંચાઈ : 116, 123, 110, 114, 122, 130, 125

(51) એક સંસ્થામાં 10 કર્મચારીઓ છે. તેમની ઉંમરના આંકડા (વર્ષમાં) નીચે મુજબ છે. આ માહિતીનો મધ્યસ્થ શોધો.
42, 45, 39, 52,55, 48, 50, 53, 36, 33

(52) નીચે આપેલા કૃષિ ઉત્પાદનોની આંકડાકીય માહિતીને આધારે વિભાજીત વર્તુળ આલેખની રચના કરો.

| કૃષિ પાક | ઘઉં | કપાસ | જુવાર | મગફળી | મગ |
|---|---|---|---|---|---|
| ઉત્પાદન (ટનમાં) | 45 | 30 | 10 | 08 | 07 |

(53) નીચે આપેલા ભારતના કેટલાક રાજ્યોની માનવ-વસ્તીના આંકડાઓની માહિતીને આધારે સાદા સ્તંભ આલેખની રચના કરો.

| રાજ્ય | ઉત્તરપ્રદેશ | બિહાર | મધ્યપ્રદેશ | રાજસ્થાન | ગુજરાત |
|---|---|---|---|---|---|
| માનવ-વસ્તી (કરોડમાં) | 20 | 15 | 08 | 07 | 06 |

(54) G.P.S. (જી.પી.એસ.)ના ઉપયોગો જણાવો.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## વિભાગ - E

- **નીચે આપેલા 55 થી 61 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 5 પ્રશ્નોના સવિસ્તાર પૂર્વક ઉત્તર આપો. (દરેકના 5 ગુણ) [30]**
**(નકશાપૂર્તિનો પ્રશ્ન નંબર-62 ફરજિયાત છે.)**

(55) ભારતમાં વસ્તી વિતરણની પ્રાદેશિક વિભિન્નતાઓ વર્ણવો.

(56) માનવીની પ્રાથમિક પ્રવૃત્તિમાં શિકાર અને સંગ્રાહક પ્રવૃત્તિ સમજાવો.

(57) વિશ્વના મુખ્ય સડકમાર્ગો વિશે સમજૂતી આપો.

(58) ભારતના મુખ્ય આંતરિક જળમાર્ગોની માહિતી આપો.

(59) ગ્રામીણ માનવ વસાહત પ્રણાલી વિશે સવિસ્તાર માહિતી આપો.

(60) શહેરી વસાહતોનું કાર્યકારીતાને આધારે વર્ગીકરણ (પ્રકારો) સમજાવો.

(61) ભૂમિ સંસાધન સાથે જોડાયેલી સમસ્યાઓ વિસ્તારથી સમજાવો.

(62) તમને આપવામાં આવેલા ભારતના નકશામાં નીચેની વિગતો યોગ્ય સ્થાને દર્શાવો.

(i) ભારતમાં સૌથી ઓછી સાક્ષરતા ધરાવતું રાજ્ય

(ii) દિલ્હીથી મુંબઈ જતો રાષ્ટ્રિય ધોરીમાર્ગ નં.8 અને તેના પર આવેલું એક અટક સ્થાન

(iii) ભારતનું એક દરિયાઈ બંદર - મુંબઈ

(iv) ભારતનું એક ઔદ્યોગિક કેન્દ્ર - જમશેદપુર

(v) ભારતમાં સૌથી વધુ વરસાદ ધરાવતું એક રાજ્ય - મેઘાલય

-----------